## ૪૦ વર્ષના કોંગ્રેસ શાસનમાં કૃષિ પેદાશ માત્ર ૭૮૦૦ કરોડ હતી

# ભાજપના ટૂંકા ગાળાના શાસનમાં ૭૯,૦૦૦ કરોડ કૃષિ પેદાશ કેવી રીતે થઈ ? કોંગ્રેસીઓ જવાબ આપે : આર. સી. ફળદુ

પાલનપુર, તા. ૨૪

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રી આર.સી. ફળદુના નેતૃત્વમાં શરૂ થયેલી કિસાન હિતાયાત્રાનું કડી ખાતે આગમન થતાં ઠેર ઠેર સ્વાગત, સામૈયા, રેલીઓ ધ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. યાત્રાના પ્રણેતા શ્રી આર.સી. ફળદુએ યાત્રાની સભાની સદી પુરી કરતાં ઉપસ્થિત વિશાળ સંખ્યામાં ખેડૂતોની સભાને સંબોધતાં જણાવ્યું હતું કે ૪૦–૪૦ વર્ષથી કોંગ્રેસે આપણા પર શાસન કરીને ખેડૂતોની કે ગામડાની કયારેય ચિંતા કરી નથી. ખેતીએ રાષ્ટ્રના અર્થતંત્રની કરોડરજજુ છે. ગામડુ એ આપણા રાષ્ટ્રનું હદય છે અને ખેડૂત બંન્નેનો વાહક છે, પ્રહરી છે. તેનું જતન કરવાનું ગાંધીજી કહેતા ગયા હતા પરંતુ મહાત્મા ગાંધીજીના ઉપદેશને કોરાણે મુકીને અંગ્રેજોએ હાથોહાથ આપેલી




ભાગલા કરો, ગરીબ રાખો, પછાત રાખોની નિતી અખત્યાર કરીને ૪૦–૪૦ વર્ષ સુધી તેમણે રાજય કર્યું.

તેમણે ઉમેર્યું હતું કે ખેતી અને ખેડૂતના વિકાસ માટે ભરપુત તક હતી, ખેડૂતોમાં હામ હતી, ધરતીમાં હિર હતું, પરંતુ નર્મદાના નીર ૪૦ વર્ષ પહેલાં ગુજરાતને મળ્યા હોત તો આજે ગુજરાતની સમૃધ્ધી કંઈક જુદીજ હોત. પરંતુ અંગ્રેજોના પગલે ચાલનારા કોંગ્રેસીઓએ ગાંધીજીને ભુલીને માત્ર સત્તાના પદમાંજ રાચ્યા હતા.

ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટી પર મુકેલા વિશ્વાસને વર્ણવતાં તેમણે જણાવ્યું હતું કે ૧૯૯૫માં આપ સૌએ ભાજપા પર વિશ્વાસ મુકયો એ ૨૦૦૧ની સાલમાં તો વિકાસની ગાડી પુરપાટ દોડવા લાગી. માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૩૬૫ દિવસ સાક્ષી ભાવથી સત્તાને કર્તવ્ય અને જવાબદારી સમજીને ખેડૂતોના બાવડામાં બળ પુરૂ પાડયું, ગામડામાં પ્રાણ પુર્યા, ખેતી માટે વિપુલ તકો ઉભી કરી, સંપુર્ણ પણે હકારાત્મક વાતાવરણ બનાવી ખેડૂતને સજજ કર્યો. જેના પરીણામ સ્વરૂપ ૨૦૧૧ની સાલમાં ગુજરાતે ૭૯૦૦૦ કરોડની કૃષિ પેદાશ કરી. કૃષિ પેદાશમાં ૧૧ ગણો વધારો કરીને ગુજરાતે સમગ્ર રાષ્ટ્રને દિશા ચિંધી અને તે પણ માત્ર ચોથા ભાગના સમયમાં ... ૫૦ વર્ષના શાસકનું અને ખેડૂત હિતની સરકારનું .... આનાથી વધારે બીજુ શું માપદંડ હોઈ શકે?

સભાને યાત્રા ઈન્ચાર્જ પ્રદેશ મહામંત્રી અને રાજયના સહકારી આગેવાન શ્રી શંકરભાઈ ચૌધરીએ પણ સંબોધીને કિસાનોનું અહિત કરનાર કેન્દ્રની કોંગ્રેસી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા.

# માણસામાં ગેસ એજન્સી પુનઃ શરૂ થતાં ગૃહિણીઓને રાહત





માણસા, તા. ૨૪

માણસા શહેરમાં આવેલ ગેસ એજન્સી વિવિધ ફરિયાદોને પગલે કલેક્ટર દ્વારા પરવાનો રદ્ કરવામાં આવતાં શહેરના ગેસધારકો થોડા દિવસો માટે મુશ્કેલીમાં મૂકાયા હતા. પરંતુ સ્થાનિક ધારાસભ્યની ઉગ્ર રજૂઆતને પગલે આજથી શહેરમાં ગેસના સિલીન્ડરનું વિતરણ ચાલુ કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ માણસામાં આવેલા પાર્થ ગેસ એજન્સીના સંચાલકો દ્વારા ગેસધારકોને નિયમિત સિલીન્ડર નહિં પહોંચાડવામાં આવતા હોવાની અને મનસ્વી અને ગેરરીતી આચરતા હોવાથી વિવિધ ફરિયાદો તેમજ હિત રક્ષક સમિતિની લડતને પગલે જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા ગત ૧૨ તારીખે આ એજન્સીનો પરવાનો તાત્કાલીક અસરથી રદ્ કરવામાં આવ્યો હતો જેને લીધે ગેસધારકો વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે ભારે મુશ્કેલીમાં મૂકાયા હતા અને કાળા બજારમાંથી ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયામાં બાટલો મેળવતા હતા. જે બાબતે તાજેતરમાં મળેલી સંકલન સમિતિની બેઠકમાં માણસાના સ્થાનિક ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર ઉગ્ર રજૂઆત કરતાં જિલ્લા પુરવઠા દ્વારા માણસા ખાતે કલોલની પાર્થ ગેસ એજન્સીના સંચાલન હેઠળ ગેસ સિલીન્ડરનું વિતરણ ચાલુ કરવામાં આવ્યું હતું. જેમાં આજે ૬૦૦ જેટલા બાટલાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા કિસાન હિતયાત્રાનું તલોદ ખાતે આગમન થતાં ઠેર ઠેર સ્વાગત, સામૈયા, રેલીઓ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને બાઈક રેલી કાઢવામાં આવી હતી.

# અખાત્રીજે ખેડૂતોએ નવા વર્ષના શુકન કર્યા

હિંમતનગર, તા. ૨૪

હિન્દુ સંસ્કૃતિમાં અખાત્રીજના પર્વને ખેડૂતો અને ખેતી સાથે સરખાવ્યું છે ત્યારે મંગળવારે અખાત્રીજ હોવાને કારણે સાબરકાંઠા જિલ્લામાં અનેક ખેડૂતોએ વહેલી સવારે પોતાના વહાલસોયા દિકરા સમાન બળદને કુમકુમ તિલક કરી ગોળ ખવડાવી તેનું પૂજન કર્યુ હતું તેમજ કેટલાક ખેડૂતોએ અખાત્રીજને નવું વર્ષ ગણીને ખેતીમાં કામ કરતા ભાગીયા (સાથી)ને પણ રાખ્યા હતા.

આ અંગે પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામના ખેડૂત મનુભાઈ પટેલના જણાવ્યા અનુસાર અખાત્રીજ એટલે ખેડૂતો માટે નવું વર્ષ ગણી શકાય. આ દિવસે અમે બળદનું પૂજન કરીએ છીએ તેમજ વહેલી સવારે હળ-બળદ સાથે ખેતરમાં જઈ જમીનમાં ખેડ કરી હતી. જોકે ૨૧મી સદીમાં તો અનેક ખેડૂતો યાંત્રિક પદ્ધતિથી ખેતી કરતા હોવાથી મોટાભાગના ખેડૂતો બળદ કે બળદગાડુ રાખતા નથી. છતાં કેટલાક ખેડૂતો લીલો ઘાસચારો લાવવા માટે એક્કો (એક બળદથી ચાલતુ ગાડું) રાખે છે. ટ્રેક્ટરથી ખેતી કરતા ખેડૂતો મોટેભાગે તો ડાંગર કે મગફળીની વાવણી કરે છે. દિવેલાની ખેતી કરતા ખેડૂતો પણ પાકમાં આંતરખેડ કરવા માટે હવે તો ટ્રેક્ટરનો જ ઉપયોગ કરે છે. છતાં અખાત્રીજના પર્વનું મહત્ત્વ હજુ પણ અકબંધ જળવાઈ રહ્યું છે. જિલ્લાના અનેક ગામડાઓમાં ખેડૂતોએ ખેતી કામ કરવા માટે રાખવામાં આવતા ભાગીયાનું પણ આખા વર્ષનું મહેનતાણું નક્કી કર્યું છે. કેટલેક ઠેકાણે ખેડૂતોએ નવાને બદલે જૂના ભાગીયાને પણ ખેતીકામ માટે યથાવત રાખ્યા છે.

# દાવડમાંથી રૂ. ૨૩,૫૦૦નો વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં નવા જિલ્લા પોલીસ વડાની નિમણૂક થતાની સાથે જ જાણે કે દારૂનો દુષ્કાળ પડ્યો હોય તેમ લાગી રહ્યું છે. પોલીસ વડાની સૂચનાથી જિલ્લાના અનેક સ્થળે દારૂના અડ્ડાઓ પર દરોડો પાડવાના અપાયેલા આદેશના ભાગરૂપે સોમવારે ઈડર તાલુકાના દાવડ ગામે બાતમીને આધારે જાદર પોલીસે દરોડા પાડીને અંદાજે રૂ. ૨૩,૫૦૦ની કિંમતનો વિદેશી દારૂ કબજે લઈ એક ઈસમની ધરપકડ કરી તેની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આ અંગે જાદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર. જી. ચૌધરીના જણાવ્યા મુજબ દાવડ ગામે એક ઈસમ વિદેશી દારૂનું વેચાણ કરતો હવોાની બાતમી મળી હતી. જેથી સોમવારે દાવડમાં રહેતા ભૂપેન્દ્રસિંહ પૃથ્વીસિંહ બિહોલાના નિવાસસ્થાને જઈ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને વિદેશી દારૂની વિવિધ માર્કાની મળી અંદાજે રૂ. ૨૩,૫૦૦ની કિંમતનો જથ્થો મળી આવ્યો હતો. જે પોલીસે કબજે લઈ ભૂપેન્દ્રસિંહ બિહોલાની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેની વિરુદ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ કરાઈ રહી છે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. | ૯૯૨૫૦૪૪૭૪૩ |
| | હિંમતનગર) | ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા | |
| | જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩ ૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


# શાસનકર્તાની જવાબદારી છે કે સંસ્કાર સંક્રમણ કરતી સમાજશક્તિની ઉજ્જવળ પરંપરાનું ગૌરવગાન કરે

## *સુરત ખાતે બ્રહ્મ મહાસંમેલનમાં મુખ્યમંત્રીનું ઉદ્દબોધન*

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતમાં બ્રાહ્મણ મહાસંમેલનના અતિથિવિશેષ પદેથી સ્પષ્ટપણે જણાવ્યું કે, આ રાજ્યના શાસનકર્તા તરીકે મારી જવાબદારી છે કે, સમાજશકિતની પરંપરાનું ગૌરવગાન કરવું જોઈએ.

"મારું કામ છે સદ્ભાવના મિશનનું. સૌનો સાથ લઈને સૌના વિકાસ માટેનો આ ગુજરાતની ધરતી ઉપર જે યજ્ઞ માંડ્યો છે, તે કોઈનું પડાવી લેવા નહીં પણ રાષ્ટ્રના કલ્યાણ માટે છે, એમ પણ તેમણે જણાવ્યું હતું." મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે બ્રાહ્મણત્વ અને શાસ્ત્ર સંસ્કારની પરંપરાને ખંડિત કરનારા સામે પરશુરામની જેમ ન્યાયની-સત્યની લડાઈ કરવી પડે.

અક્ષયતૃતિયાના પૂનિત અવસરે ભગવાન પરશુરામ જયંતી નિમિત્તે બ્રહ્મ સમાજ - દક્ષિણ ગુજરાતના ઉપક્રમે બ્રાહ્મણોનું આ મહાસંમેલન યોજાયું હતું જેમાં ગુજરાત ઉપરાંત ઉત્તર અને દક્ષિણ ભારતના વિવિધ રાજ્યોમાંથી સુરત આવીને વસેલા બ્રહ્મસમાજોના પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. આ બ્રાહ્મણ મહાસંમેલનનું ઉદ્ઘાટન શ્રી રમેશભાઈ ઓઝાએ કર્યું હતું.

છ કરોડ ગુજરાતીઓના બ્રહ્મતેજ સમા ભૂદેવ પરિવારોને સંબોધતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે કોઈપણ સમાજને તેની યશસ્વી પરંપરાનું સ્વામિમાન ના હોય તો તે પરાક્રમી પુરુષોને જન્મ આપી શકતો નથી.

દુનિયામાં શસ્ત્ર દ્વાર જેટલી સમાજ વ્યવસ્થા વિકસી છે તેનો ક્યારેક અંત આવેલો છે, જેનો ઈતિહાસ સાક્ષી છે પણ ભારતની સાંસ્કૃતિક વિરાસતનો સમાજ ટકી રહ્યો છે તેનું કારણ આ વ્યવસ્થા "શાસ્ત્ર" દ્વારા વિકસેલી છે અને "શાસ્ત્રનું સંસ્કાર સંક્રમણ" બ્રહ્મ સમાજના પંડિતોએ કરેલું છે. વેદ વિજ્ઞાનનું પરંપરા જ્ઞાનનું આ ભૂદેવોએ જ ગૌરવ કરેલું છે, એમ તેમણે જણાવ્યું હતું.

ભૂતકાળમાં જેમણે સમાજને ટુકડે ટુકડામાં વહેંચીને અંદરોઅંદર સંઘર્ષ કરાવ્યો તેમાંથી ગુજરાતને મુક્ત કરીને શાંતિ, એકતા અને ભાઈચારાની ભાવનાથી સમાજની સદ્ભાવનાની શકિતનું સંક્રમણ કરાવ્યું છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ભાઈજી રમેશભાઈ ઓઝાએ બ્રાહ્મણ સમાજ સંમેલનનું ઉદઘાટન કરતાં જણાવ્યું કે, ભાર્ગવ રામ (પરશુરામ), રાઘવરામ (પુરૂષોત્તમ) તથા યાદવરામ (બલરામ) એમ ત્રણ રામ પુરાણોમાં થઈ ગયા. બ્રાહ્મણે પોતાની ઘ્રાણેન્દ્રિયનો વિનિયોગ કરીને સમાજ વ્યવસ્થામાં કોઈ ક્ષતિ કે અવ્યવસ્થા છે કે કેમ તેના પર સૂક્ષ્મ દૃષ્ટિ રાખવાની છે, સતત તેનું નિરીક્ષણ કરતા રહેવાનું છે. બૌદ્ધિક બ્રાહ્મણ સમાજના આક્રોશનું સામૂહિક સ્વરૂપ એટલે ભગવાન પરશુરામ. શસ્ત્ર જો બૌદ્ધિક-સમજદાર-વિદ્વાન મનુષ્યના હાથમાં હોય તો તેનો ઉપયોગ સમાજના હિત માટે જ થાય તેમ તેમણે જણાવ્યું હતું.

## ચિલોડા વિસ્તારમાં અખાત્રીજ તહેવારની ઉજવણી થઈ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

હિન્દુ ધર્મના શ્રદ્ધા અને વિશ્વાસના પ્રતિકસમા અખાત્રીજના દિવસનું અનેક માહાત્મ્ય રહેલું છે. આ દિવસે અનેક શુભકાર્યોનો આરંભ થતો હોય છે. જેમાં ખેડૂતો ખેતીકાર્યની શરૂઆત કરવા હળોતરા દ્વારા કરે છે. હિંદુ ધર્મમાં લગ્ન એક સંસ્કાર ગણાય છે. તેવા સંજોગોમાં અસંખ્ય નવદંપતિ યુગલો વણજોયા મુહૂર્ત અખાત્રીજે પ્રભુતામાં પગલાં માંડ્યા છે. આ શુભ પ્રસંગનો ઉત્સવ ઉજવવા અનેરો માહોલ સર્જાય છે. દિવસભર મલકાતા મલકાતા લગ્નોત્સવમાં જોડાઈ શરણાઈના સુરો લહેરાવી ઢોલ-નગારાના તાલે, શણગારેલી ગાડીઓ સાથે જોડાય છે. લગ્નની શાસ્ત્રોક્ત વિધિ-મંત્રોચ્ચાર મુજબ લગ્નવિધિ ગોર મહારાજ કરે છે.

# રાજ્યભરમાં બાળકોની સંખ્યા કેટલી છે તે અંગે વિરોધાભાસ

અમદાવાદ, તા. ૨૪

ગુજરાતની ભાજપ સરકાર આંકડાઓની માયાજાળ રચીને લોકોને ગુમરાહ કરી રહી છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ગુજરાતમાં બાળકોની સંખ્યા શિક્ષણ વિભાગ પ્રમાણે ૬૦ લાખ અને આરોગ્ય વિભાગ પ્રમાણે ૮૬.૩૪ લાખ અને વસ્તીગણત્રીના અહેવાલ પ્રમાણે ૭૪.૯૪ લાખ છે. વાસ્તવિકતા શું છે તે અંગે જાહેરાત કરવા કોંગ્રેસે સરકારને અપીલ કરી છે.

ગુજરાત સરકારના ત્રણ વિભાગના જુદા-જુદા આંકડાઓને કારણે ક્યાં વિભાગના આંકડા સાચા અને તે વિભાગની કામગીરીનું મુલ્યાંકન ગણતરીમાં લેવું તે એક સ્વર્ણિમ ગુજરાતની જુઠ્ઠાણ ફેલાવતી સરકારની એક યશ કલગી છે તેવી વિગતો આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતની ભાજપ સરકાર આંકડાઓની માયાજાળ રચીને લોકોને ગુમરાહ કરે છે. ગુજરાતમાં આરોગ્ય વિભાગની કામગીરી કથળી ગઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં પીએચસી અને સીએચસીમાં ડોક્ટરો અને સહોગી કર્મચારીઓની મોટા પાયે જગ્યા ખાલી છે. ગુજરાત સરકાર દ્વારા બાળ લકવા નાબુદી અભિયાન હેઠળ પોલીયો વિરોધીરસી ૮૬.૩૪ લાખ બાળકોને આપવામાં આવી તેવી જાહેરાત આરોગ્ય વિભાગે કરીછે. જ્યારે શિક્ષણ વિભાગે પ્રવેશ ઉત્સવ સમયે જાહેર કરેલા આંકડાઓ મુજબ ૬૦ લાખ બાળકો છે તેવી જાહેરાત કરી હતી. ગુજરાતના વસતી ગણતરી અહેવાલ-૨૦૧૧ના ગુજરાતમાં કુલ ૭૪,૯૪,૧૭૬ બાળકો ૦-૬ વર્ષના છે. આમ, જો ગુજરાતમાં ૦-૬ વર્ષના બાળકોની સંખ્યા જ ૭૪.૯૪ લાખ જેટલી હોય ત્યારે પોલીયો વિરોધી રસી તો ૦-૫ વર્ષના બાળખોને જ આપવામાં આવે છે જેની સંખ્યા આરોગ્ય વિભાગે ૮૬.૩૪ લાખ બતાવેલ છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧